ક્રમાંક: વિ-૪/વસપ/૧૦૨૦૨૧/અ.તા.પ્ર.૦૪
ગૃહ વિભાગ,
બ્લૉક-૨, ત્રીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
તા.     /૦૭/૨૦૨૫

**વિષય:** ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ ની કલમ ૬૬-એ (Section 66A) ને રદ કરતા સુપ્રીમ કોર્ટના નિર્ણયના અનુપાલન બાબત.

**યાદી :**

નામદાર સુપ્રીમ કોર્ટે રિટ પિટીશન (ક્રિમિનલ) નં. ૧૯૯/૨૦૧૩; શ્રેયા સિંઘલ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં તા.૨૪/3/૨૦૧૫ ના ચુકાદાથી ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ ની કલમ ૬૬-એ ને ગેરબંધારણીય જાહેર કરીને તેને રદ કરી છે. સમાંતરે Misc. Application નં. ૯૦૧/૨૦૨૧; પિપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં પણ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા કલમ ૬૬-એ રદ્દ કરતા ચુકાદાના અનુપાલન માટે તા.૦૬/૯/૨૦૨૨ ના હુકમથી આદેશો કરવામાં આવેલ છે.

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪૧ અને ૧૪૪ અન્વયે નામદાર સુપ્રીમ કોર્ટના નિર્દેશોનો અમલ કરવો એ રાજ્ય સરકારની ફરજ છે, નામદાર સુપ્રીમ કોર્ટના ઉક્ત ચુકાદાનું ગુજરાત રાજ્યમાં અનુપાલન કરવામાં પણ આવેલ છે. તેમ છતાં, કલમ ૬૬-એ હેઠળ દાખલ કરાયેલા કેટલાક કેસોમાં ૬૬-એ ને પડતી મૂકવાની કામગીરી આખરી થયેલ નથી. તે જોતાં, નામદાર સુપ્રીમ કોર્ટના ઉક્ત નિર્ણયના અનુપાલનમાં, ગુજરાત પોલીસ દળના તમામ અધિકારીઓને નીચેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લાવવામાં આવે છે:

(૧) ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ ની કલમ ૬૬-એ હેઠળ દાખલ કરાયેલા તમામ કેસો કે જેમાં કલમ રદ્દ કરવાની કાર્યવાહી પૂર્ણ થયેલ નથી તેવા તમામ કેસોમાંથી કલમ ૬૬-એ તાત્કાલિક અસરથી રદ કરવી તથા ૬૬-એ હેઠળ કોઈ પણ વ્યક્તિ વિરુદ્ધની કાર્યવાહી આગળ વધારવી નહીં.

(૨) ભવિષ્યમાં કલમ ૬૬-એ હેઠળ કોઈ નવા કેસ દાખલ કરવા નહીં કે તે હેઠળ કોઈ કાર્યવાહી શરૂ કરવી નહીં.

(૩) પોલીસ વિભાગો અને પ્રોસિક્યુટિંગ એજન્સીઓએ કલમ ૬૬-એ હેઠળ દાખલ કરાયેલા તમામ પડતર કેસોની સમીક્ષા કરવી અને સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ તેમને પાછા ખેંચવા અથવા રદ કરવા માટે કાર્યવાહી સુનિશ્ચિત કરવી.

(૪) ભારતીય બંધારણ દ્વારા સુરક્ષિત વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા (અનુચ્છેદ ૧૯(૧)(એ)) અને તેના પર અનુચ્છેદ ૧૯(૨) હેઠળ લાગુ પડતા વાજબી નિયંત્રણોના સિદ્ધાંતોને હંમેશા ધ્યાનમાં રાખી, રદ કરાયેલ કલમ ૬૬-એ ના આધારે કોઈપણ વ્યક્તિને હેરાનગતિ ન થાય તેની તકેદારી રાખવી.

ઉક્ત સૂચનાઓનું કડકપણે પાલન સુનિશ્ચિત કરવા વિનંતી છે.

(તન્મય એલ પટેલ)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

**પ્રતિ,** (આપના હસ્તકના સંબંધિત અધિકારી/કર્મચારીઓના ધ્યાને લાવવા વિનંતી સહ..)

1. પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
2. અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
3. અધિક પોલીસ મહાનિદેશકશ્રી, CID ક્રાઇમ અને રેલ્વેઝ, પોલીસ ભવન, ગાંધીનગર.
4. અધિક પોલીસ મહાનિદેશકશ્રી, વહીવટ, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
5. અધિક પોલીસ મહાનિદેશકશ્રી, એ.ટી.એસ., અમદાવાદ.
6. કમાન્ડન્ટ જનરલ, ડાયરેક્ટર જનરલ હોમગાર્ડસ અને સિવિલ ડિફેન્સ, લાલ દરવાજા, અમદાવાદ.
7. પોલીસ મહાનિરીક્ષકશ્રી, સર્વે રેન્જ.
8. સર્વે પોલીસ કમિશ્નરશ્રી.
9. સર્વે પોલીસ અધિક્ષકશ્રી.
10. નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન, ગાંધીનગર.
11. નિયામકશ્રી, ડાયરેક્ટર ઓફ પ્રોસેક્યુશનની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
12. નિયામકશ્રી, નાગરીક સંરક્ષણ, અમદાવાદ.
13. નિયામકશ્રી, લાંચરૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદ.
14. નિયામકશ્રી, નશાબંધી અને આબકારી, ગાંધીનગર.
15. IT Cell, ગૃહ વિભાગ - વિભાગની વેબસાઇટ પર આ યાદી પ્રસિદ્ધ કરવા સારૂ.
16. ગૃહ વિભાગ, સર્વે શાખાઓ
17. સિલેક્ટ ફાઇલ.

**સવિનય નકલ રવાના:** જાણ અર્થે

1. અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.

**નકલ રવાના:** જાણ અર્થે

1. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

*Signature Not Verified*

*Signed by:Tanmay Patel*
*Section Officer*
*Date:2025.08.11*
*12:29:40 +5:30*


Open the document in Adobe Acrobat DC to verify the E-sign